# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-03-2025 Day : Thursday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## કૃષિમંત્રી – ટેકાના ભાવ

કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ચોમાસુ સિઝનમાં રાજ્યના બે લાખ 73 હજાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવે 12 લાખ 23 હજાર મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવી હતી. આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા શ્રી પટેલે જણાવ્યું કે ખેડૂતોને શિયાળુ મોસમમાં થતા ચણા, રાયડો, ઘઉંનાં પૂરતા ભાવ મળી રહે અને નુકસાન ન થાય તે માટે આગોતરૂં આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૪-૨૫માં ટેકાના ભાવે ડાંગર પ્રતિ ક્વિન્ટલે 2 હજાર ૩૨૦ રૂપિયા, બાજરી ૨ હજાર ૬૨૫ રૂપિયા, જુવાર 3 હજાર 371 રૂપિયા, મકાઈ ૨ હજાર ૨૨૫ રૂપિયા, તુવેર ૭ હજાર ૭૫૦, અડદ ૭ હજાર ૪૦૦ તેમજ મગફળી પ્રતિ ક્વિન્ટલે ૬ હજાર ૭૮૨ રૂપિયાનાં ભાવે ખરીદવામાં આવી છે.

---

## ચારધામ યાત્રા નોંધણી પ્રકિયા પ્રારંભ

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે નોંધણી પ્રક્રિયા આજથી શરૂ થઈ છે. આ વર્ષે નોંધણી આધારકાર્ડ દ્વારા પ્રમાણિત કરાશે. દરમિયાન ભક્તોએ પોતાના આધાર કાર્ડની વિગત આપવાની રહેશે.

યાત્રાળુઓની સુવિધાને ધ્યાને રાખી કુલ નોંધણીઓમાંથી, 60 ટકા ઑનલાઈન અને 40 ટકા ઑફલાઈન થશે. આ પ્રક્રિયાને સરળ બનાવવા હરિદ્વાર અને ઋષિકેશ સહિતના પ્રવાસ માર્ગ પર નોંધણી કેન્દ્રની સંખ્યા વધારાશે. યાત્રાળુઓ REGISTRATION AND TOURIST CARE. UK. GOV. IN પર ઑનલાઈન નોંધણી કરાવી શકે છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે, પ્રવાસન વિભાગે આ વર્ષે યાત્રાના 40 દિવસ પહેલા ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

---

## શિક્ષણ વિભાગ – ભરતી પ્રક્રિયા

શિક્ષણ વિભાગ દ્વારા સરકારી અને અનુદાનિત શાળાઓના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ભરતી પ્રક્રિયાનો આવતીકાલથી પ્રારંભ થશે. શિક્ષણ કચેરીમાંથી પ્રાપ્ત વિગતો મુજબ 21, 24 અને 25મી માર્ચે ભુજની આલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે 200 જેટલા ઉમેદવારોના દસ્તાવેજોની બે ટીમ દ્વારા ચકાસણીની કામગીરી હાથ ધરાશે. અને એક ટીમ રિઝર્વ રખાશે, જેના માટે જિલ્લા શિક્ષણ કચેરી ખાતે તાલીમ યોજાઈ હતી. તો આગામી 26થી 29 માર્ચ દરમ્યાન જિલ્લાની અનુદાનિત શાળાઓ માટે ભરતી પ્રક્રિયા માટે 270 ઉમેદવારના દસ્તાવેજોની ચકાસણી કરાશે.

---

## અંજાર – વેલકમ સુનિતા વિલિયમ્સ

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ 9 મહિના અને 14 દિવસની લાંબી અવકાશયાત્રા પછી પૃથ્વી પર પરત ફર્યા છે. આ ઐતિહાસિક ક્ષણની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. અંજાર નગર પ્રાથમિક શાળા નંબર 16માં ઉજવણી કરીને ધોરણ 6થી 8ની વિદ્યાર્થિનીઓએ આ પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

વિદ્યાર્થિનીઓ દ્વારા શાળાના મેદાનમાં સ્પેસ શટલની ડિઝાઇનની એક વિશાળ રંગોળી બનાવી, રંગોળીમાં "WEL COME સુનિતા વિલિયમ્સ" સૂત્ર આલેખવામાં આવ્યું હતું.

---

## વિશ્વ ચકલી દિવસ

ભુજમાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર અને માનવજ્યોત સંસ્થા દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ હતી. માનવજ્યોત દ્વારા શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં ચકલીઘર અને કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષો ઉપર ચકલીઘર લટકાવાયા હતા. તથા શાળાઓ, મંદિરો, કોલેજોમાં ચકલીઘર પહોંચાડાયા હતા. ગામડા અને શહેરોમાં અનેક સંસ્થાઓએ માનવજ્યોત સાથે જોડાઇ વિતરણ કાર્યમાં સહકાર આપ્યો હતો.

માનવજ્યોત સંસ્થાના પ્રમુખ પ્રબોધ મુનવરે ચકલીઓને બચાવવા સંસ્થા દ્વારા થઈ રહેલા પ્રયાસો અંગે આ મુજબ જણાવ્યું હતું......

બાઈટ ...... પ્રબોધ મુનવર

---

## પ્રધાનમંત્રી – પારસી નવુ વર્ષ શુભેચ્છા

પારસી નવા વર્ષના તહેવાર નવરોઝની આજે ઉજવણી થઈ રહી છે. શાંતિ અને સમૃદ્ધિના પ્રતીક એવો આ તહેવાર પારસી સમુદાયનો સૌથી મુખ્ય તહેવાર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પારસી સમુદાયના નવા વર્ષ, નવરોઝ નિમિત્તે લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આ વિશેષ દિવસ દરેક માટે આનંદ, સમૃદ્ધિ અને સારું આરોગ્ય લાવે. તેમણે એવી પણ શુભેચ્છા પાઠવી કે, આવનારૂ વર્ષ સફળતા અને પ્રગતિથી ભરેલું રહે અને સદભાવનાના બંધન વધુ મજબૂત બને.

---

## કચ્છ – સંગ્રહાલય - પ્રદર્શન

કચ્છ સંગ્રહાલય દ્વારા 25થી 31મી માર્ચ દરમ્યાન સિદ્ધાર્થ કનેરિયા દ્વારા ક્યુરેટ અને ડિઝાઇન કરાયેલ લાઇટ-થ્રેડ, પ્રકાશ-સૂત્ર, ફોટોગ્રાફી અને વસ્ત્ર હસ્તકલા વારસા આધારિત કલાત્મક ટેપેસ્ટ્રી સાથેનું પ્રદર્શનનું આયોજન કરાયું છે.

પ્રદર્શન દ્વારા આપણી ભાતિગળ સંસ્કૃતિની અને કચ્છીમાડુની કથા અનોખા અંદાજમાં નિહાળવા મળશે. આ નિ:શુલ્ક પ્રદર્શન સવારે 10થી સાંજે 7 વાગ્યા સુધી નિહાળી શકાશે, તેવું કચ્છ સંગ્રહાલયના ક્યુરેટરની યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------------